ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૩-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### ગાંધી વિચારનો છેલ્લો સિતારો

ગુજરાતમાંથી ગાંધીવિચારનો છેલ્લો માઇલસ્ટોન ઊખડી ગયો છે. આગામી વર્ષોમાં ગાંધીનો સંસ્પર્શ પામેલા ભાગ્યશાળી લોકોની ચર્ચા નીકળશે ત્યારે વારંવાર અનિવાર્યપણે નારાયણ દેસાઇનું નામ ચર્ચાતુ રહેશે. ગાંધી તો હિમાલય હતા. એમની છત્રછાયામાં કોઇ પણ પ્રતિભા વામન જ લાગે, બલકે એવી પ્રતિભાને ખુદને ગાંધી સામે પોતાની વામનતા સ્વીકારવાનું જ ગમે. છેલ્લા વર્ષો દરમિયાન ગાંધીજીના અંતેવાસીઓના વારસદારો એક પછી એક વિદાય થઇ રહ્યાં છે. નારાયણ દેસાઇને ગાંધીજી 'બાબલો' કહી લાડ કરતા. પોતાની પડખે સુવડાવતા, એમણે શાળેય શિક્ષણ લેવાની ના પાડી ત્યારે ગાંધીજી જ તેમની વહારે ધાયા હતા. નારાયણ દેસાઇ ફક્ત ગાંધીજીના સચિવ મહાદેવ દેસાઇના સુપુત્ર જ નહોતા, એ ગાંધીજીની સાથે રમનારા એમના બાળદોસ્ત પણ હતા. એમને જગતની જીવતી જાગતી 'ગાંધી' યુનિવર્સિટીમાં જ શિક્ષાદીક્ષા લીધી અને આજીવન ગાંધીમય જીવન જીવ્યા. વિદ્યાપીઠના કુલપતિ તરીકે તેમજ સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે એમનું યોગદાન અનોખું રહ્યું. 'ગિરા ગૂર્જરી' ને 'વિશ્વગૂર્જરી' બનાવવાનું નારાયણ દેસાઇનું સપનું દરેક ગુજરાતી માટે એમના તરફથી મળેલો ભવ્ય વારસો જ નહીં, એક મસમોટો સાંસ્કૃતિક પડકાર પણ છે. ગાંધીને સમજવા માટે નારાયણ દેસાઇ પાસેથી સાંપડેલું ભાષ્ય એ એમના તરફથી જગતને મળેલો વારસો છે. સાહિત્યક્ષેત્રે એમને ચરિત્રાત્મક સાહિત્યમાં આપેલું યોગદાન ખૂબ મહત્ત્વપૂર્ણ છે. પિતા મહાદેવ દેસાઇના જીવનચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' માટે એમને દિલ્હીની સાહિત્ય અકાદેમીનો પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો હતો. ગાંધી ચરિત્રના ગ્રંથસંપુટ 'મારું જીવન એ જ મારી વાણી' માટે ભારતીય જ્ઞાનપીઠે એમને મૂર્તિદેવી પારિતોષિકથી નવાજ્યા હતા. વેડછી જેવા દૂરવર્તી આદિવાસી ક્ષેત્રમાં 'સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય' ચલાવનારા આ ઋષિએ મળવાપાત્ર સહકારી સહાય ન સ્વીકારી અને શિક્ષણ પ્રત્ય મહાજનોને ઉન્મુખ કર્યા. 'ગાંધીકથા' ના ગાયક બની એમણે વિશ્વને ગાંધીવિચારનું રસપાન કરાવ્યું. ગૂજરાત વિદ્યાપીઠ ખાતે શરૂ થયેલી ગાંધીકથાની માળાનો ૧૦૮મો મણકો સાદરા ખાતે વિદ્યાપીઠમાં જ સંપન્ન થયો હતો. એ પછી જ નારાણય દેસાઇને વયસહજ વાર્ધક્ય અનુભવ્યું. વખતોવખત ગુજરાતને માર્ગદર્શન આપતા લોકપુરુષ નારાયણ દેસાઇએ ગાંધીનગર કલ્ચરલ ફોરમના આમંત્રણથી પાટનગરવાસીઓને ગાંધીકથાનું રસપાન તો કરાવ્યું જ, સાથે જ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હતા તે સમયે ગાંધીનગરમાં જ પરિષદનું ૪૪મું અધિવેશન યોજાયું ત્યારે સાહિત્ય માત્ર ઉન્નતભ્રૂ વિવેચકો અને ભદ્રલોકની જાગીર ન બની રહે એ મુદ્દે ચેતવણી આપી હતી અને દલિત - વંચિત - શોષિત સમાજ ઉપરાંત લઘુમતી વર્ગના સર્જકોનો પણ ગુજરાતી ભાષામાં સ્વીકાર થાય તે જરૂરી હોવાની વાત કરી હતી. એમણે સાહિત્યને સાહિત્ય પરિષદના ભવનમાંથી અને યુનિવર્સિટીની ચેમ્બરોથી બહાર લોક વચ્ચે પહોંચાડવાની સાચી શીખ આપી હતી. નારાયણ દેસાઇની વિદાયથી ગુજરાત અનેક સંદર્ભે રાંક બન્યું છે. એમનાં અધૂરાં સપનાં સાકાર કરવા પરમાત્મા અને મહાત્મા આપણને શક્તિ આપે, એ જ એમના પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલી ગણાશે.

# 'હરિ ચાલો કેજીમાં...' ગઝલ અને કવિતા પઠન સાથેનો 'આપણો કવિતા વારસો'

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતી ગીત-ગઝલ-કાવ્યનો વારસો અકબંધ રહે અને એનો વ્યાપક વિસ્તાર થાય એવા ઉદાત ભાવનાથી ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા પારેખ એમના ગીત-ગઝલ-હઝલ-કાવ્યનો ખજાનો લઈ એનો આસ્વાદ કરવાં પધાર્યા હતા.

સાહિત્યસભાના મંત્રી સંજય થોરાતે પ્રભુ પ્રાર્થનાથી શરૂઆત કરાવી રવિન્દ્ર પારેખનું પુસ્તક દ્વારા ઉપાધ્યક્ષ નટવર હેડાઉ અને પુષ્પગુચ્છથી મંત્રી સંજય થોરાતે સ્વાગત કર્યું. કાર્યક્રમની સ્વાગત ભૂમિકા નટવર હેડાઉએ બાંધી જ્યારે કવિનો સવિસ્તર પરિચય



'આપણો કવિતા વારસો' કાર્યક્રમ યોજાતો હોય છે. ગાંધીનગર સાહિત્ય સભાને આંગણે રવિવારે સે. ૨૧ના પુસ્તકાલયમાં જાણીતા કવિ રવિન્દ્ર અને જાણીતા રેશનાલીસ્ટ રમણ પાઠક અને ગાંધી કથાકાર નારાયણ દેસાઈના નિધનની નોંધ લઈ એમના આત્માની શાંતિ માટે મૌન પાળ્યું. મહેમાન કવિ કવિ હરિકૃષ્ણ પાઠકે આપ્યો.

'હરિ ચાલો કેજીમાં'નું હરિ કાવ્ય, દિવાળી, સ્મશાન, વરસાદ, બજાર, પૂર્ણતિથી જેવા વિવિધ કાવ્યનો રસાસ્વાદ કવિ રવિન્દ્ર પારેખે કરાવ્યો. 'હું દિવો થઈને પરખાયો ન હોત, જો મને થોડોય સળગાવ્યો ન હોત...' ભલે ને રણ નથી મૃગજળ તો છેને, વધારે લોભ ન કર જળ તો છેને' 'માનવીમાં એ બધું આવે જ છે, સાથ છૂટે તો કોઈ થામે જ છે...' જેવાં શેર પર તાળીઓ પડતી રહી. કવિ રવિન્દ્ર પારેખે ખરેખર રંગ રાખ્યો.

આ પ્રસંગે જાણીતા યુવા કવિ ધ્વનીલ પારેખ, જનક નાયક, કિશોર જીકાદરા, મંગળદાસ પારેખ અને અન્ય સાહિત્યકારોએ હાજર રહી કવિને વધાવ્યા હતા. 'આપણો કવિતા વારસો' જેવાં કાર્યક્રમો થતાં રહેશે તો ગુજરાતી સાહિત્ય લોકભોગ્ય બની રહેશે.

# ધોરણ ૧૦માં આજે સામાજિક વિજ્ઞાનનું પેપર

## ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં આજે સામાજિક વિજ્ઞાન અને વાણિજ્ય વ્યવસ્થા પેપર લેવાશે : વિદ્યાર્થીઓ સજ્જ થયા

અમદાવાદ, તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી બોર્ડની પરીક્ષા હવે તેના મધ્યમાં પહોંચી ચૂકી છે ત્યારે આવતીકાલે ધોરણ-૧૦માં સામાજિક વિજ્ઞાનનું પેપર લેવામાં આવશે. જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અંગ્રેજી તેમજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં સામાજિક વિજ્ઞાન અને વાણિજય વ્યવસ્થાનું પેપર લેવામાં આવશે. ગણિતનું પેપર ખૂબ અઘરું નિકળવાના કારણે નિરાશ થયેલા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ આજે મળેલ રજાનો લાભ લઈ આવતીકાલે લેવાનાર સામાજિક વિજ્ઞાનના પેપરની તૈયારીઓ કરી હતી. ત્યારે હવે ગણિતના માર બાદ આવતીકાલે લેવાનાર સામાજિક વિજ્ઞાનનું પેપર સરળ રહે તેવી આશા વિદ્યાર્થીઓ રાખી રહ્યા છે. બીજી બાજુ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ સ્ટ્રીમનાં વિદ્યાર્થીઓની મુજબ વિષયની પરીક્ષા પૂર્ણ થઈ ચૂકી છે. ત્યારે એક દિવસની રજા બાદ તેઓ આવતીકાલે અંગ્રેજી વિષયનું પેપર આવશે. જ્યારે બી સ્ટ્રીમનાં વિદ્યાર્થીઓને મુખ્ય વિષય પૈકીના એક એવા જીવ વિજ્ઞાનની પરીક્ષા આવવાની હજી બાકી છે. જો કે આવતીકાલના પેપર પહેલા તેમને ત્રણ દિવસની રજા મળી હતી. જેનો ઉપયોગ કરીને તેમને જીવ વિજ્ઞાન વિષયની પણ સારી એવી તૈયારી કરી લીધી હતી. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આર્ટસ ફેકલ્ટીમાં આવતીકાલે સામાજિક વિજ્ઞાન વિષયનું પેપર લેવામાં આવશે.

# બોર્ડની વ્યવસાયલક્ષી પ્રવાહ પરીક્ષા આજથી શરૂ થશે

અમદાવાદ, તા.૧૭

ગુજકાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલ ધોરણ-૧૦ અને ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની પરીક્ષા લગભગ અડધી પૂર્ણ થઈ ચૂકી છે. ત્યારે આવતીકાલથી હવે ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યા છે. જેમાં આવતીકાલે કૃષિ જૂથ-એ, વાણિજય જૂથ- સી ગૃહવિજ્ઞાન જૂથ-એસ અને તાંત્રિક જૂથ-ટી સહીત તમામ વિભાગમાં ઉદ્યોગ સાહસિકતા વિષયનું પેપર લેવામાં આવશે. વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા બપોરે ૩.૦૦ થી ૬.૧૫ કલાક દરમિયાન લેવામાં આવશે.




**શોર્ટ ફિલ્મ મેકિંગ અંગે સેમિનાર યોજાયો**

ગાંધીનગર ઈન્ફોસીટી અને ૧૯૪૭ કો-વર્કિંગ સ્પેસના સહયોગથી વિરાજ વ્યાસ દ્વારા 'વર્કશોપ ફોર પેશોનેટ ટેકનોક્રેટસ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં સ્પીકર તન્વી ગડોયા તેમજ બ્લેક પોઝીશન ફિલ્મ મેકિંગ ગૃપ દ્વારા યુવાનોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં શોર્ટ ફિલ્મથી સમાજને કેવી રીતે ફાયદાઓ થઈ શકે તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રૂઝાન ખંભાતા, મનીષ સંઘાણી, જનક ઠકકર અને ભાસ્કર સાગરે ઉપસ્થિત રહી ઝુંબેશને બિરદાવવાની સાથે યુવા ફિલ્મકારોને પ્લેટફોર્મ પુરું પાડવાનું આશ્વાસન આપ્યું હતું.



**ગજાનંદ સેવા સમિતિનો સેવાયજ્ઞ**

ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારોમાં ગરીબ પરીવારો માટે કપડાં-અનાજ તેમજ બાળકો માટે નાસ્તો રમકડાં વગેરેનું નિયમિત વિતરણ કરવામાં આવે છે. આ સેવા કાર્ય થકી સેવા સમિતિ દ્વારા સમાજના છેવાડાના માનવીના ચહેરા પર સ્મિત રેલાવવાની કોશિષ કરવામાં આવે છે.

# ભુગોળ અને વાણિજય વ્યવહારનું પેપર સરળ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અત્યારે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવી રહી છે. જેમાં આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વાણિજય વ્યવહાર અને ભુગોળનું પેપર લેવામાં આવ્યું હતું. બંન્ને પેપર પ્રમાણમાં સરળ રહેતા વિદ્યાર્થીઓએ રાહત અનુભવી હતી. જો કે ધોરણ-૧૨ આર્ટસમાં લેવામાં આવેલ ભુગોળ વિષયનું પેપર લાંબુ હોવાથી કેટલાક વિદ્યાર્થીઓને ૧૦ થી ૧૫ માર્કસનું પેપર બાકી રહી ગયું હોવાથી ફરીયાદો સામે આવી હતી. જો કે પેપર પ્રમાણમાં સરળ હોવાથી પાસિંગ માર્કસ મેળવવામાં રોઈ વિદ્યાર્થી મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી શક્યતા નથી. બીજી બાજુ વાણિજય વ્યવહારનું પેપર પણ એકદમ સરળ રહેતા વિદ્યાર્થીઓને રાહત રહી હતી. ઉલ્લેખનીય છે કે આજે ધોરણ-૧૦ વિદ્યાર્થીઓને રજા હતી.

# રમતમય જીવન કે જીવનમય રમત?

## વિચારોના મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

ટાગોરનો એક શિષ્ય હતો જે બહુ સરસ ચિત્રકાર હતો. જો કે તેને લોકો તેના વિષે, તેના કામ વિષે શું વિચારતા હશે, અને તેમના મત શું હશે એની ચિંતા કાયમ થયા કરતી. તેની ચિંતા એટલી વધી ગયી કે તેની સર્જનાત્મક શક્તિ રૂંધાવા લાગી. ઘણાબધા પ્રસંગોએ ટાગોર એને કહેતા કે જયારે જયારે કલાની વાત આવે ત્યારે તેને પોતાના હૃદયનું સાંભળવું જોઈએ, તેને જે ઠીક લાગે તે તેને દોરવું જોઈએ, અને કેનવાસ તેનાં માટે રમતનું મેદાન હોવું જોઈએ નહિ કે લોકોના મતનો ટોકરો.

એક દિવસે, તેને ટાગોરનું સુંદર ચિત્ર દોર્યું. તે બધી રીતે સંપૂર્ણ હતું. ટાગોરે પોતે પણ તે પસંદ કર્યુ, પરંતુ તે શિષ્યને ખાતરી નહોતી, તેને ટાગોરને પુછ્યું કે તે ચિત્ર વિષે બીજા લોકોના મત લઈએ તો કેવું? ટાગોરને લાગ્યું કે આ પાઠ શીખવવાનો એક સારો મોકો છે. સારું તારે જો ખરેખર જાણવું જ હોય કે બીજા લોકો શું વિચારે છે, ટાગોરે કહ્યું, જા અને સવારમાં વ્યસ્ત બજારમાં એક ખૂણા આગળ આ ચિત્ર મૂકી આવ. મારો એક અસલ ફોટો પણ સાથે મૂકજે, જોડે થોડી પેન્સિલો અને લોકોના મત માંગતી એક નોંધ પણ મૂકજે. આખો દિવસ તેને ત્યાં રેહવા દેજે અને સાંજે તેને પાછું અહી લઇ આવજે.

શિષ્ય તો સહમત થઈ ગયો. બે દિવસ પછી એ પાછો ટાગોરને મળવા ગયો. તે એકદમ નાખુશ જણાતો હતો.

મને મારી ચિત્રકલા ઉપર ખુબ જ આઘાત લાગ્યો છે. તમે કહેતા હતા કે ચિત્ર સંપૂર્ણ રીતે સરસ છે, પણ મને ખબર હતી કે એ સંપૂર્ણ નથી. અને એવુંજ બીજા બધાને પણ લાગે છે, તેને એ ચિત્ર નાખુશ થઈ ને ટાગોરે સમક્ષ મુકયું. ચિત્ર કાળા કુંડાળા અને ડાઘ-ધબ્બાઓ થી ખરડાઈ ગયું હતું. લોકો એ આખા ચિત્રમા ભૂલો કાઢીને ભરી મુક્યું હતું.

ટાગોરે થોડી મિનિટો માટે શાંતિ જાળવી અને પછી બોલ્યા, આ બધા અભિપ્રાયોની મારે મન કોઈ કિંમત નથી. મને તો હજુ ય ચિત્ર સુંદર જ લાગે છે. પણ મને એમ કહે કે તે નોંધમાં શું લખ્યું હતું?

નોંધમાં લખ્યું હતું કે, મેહરબાની કરીને આ ચિત્રને અસલ ફોટા સાથે સરખાવો અને જયાં ભૂલ દેખાય ત્યાં માર્ક કરો, શિષ્યે કહ્યું, બરાબર. હવે કાળા ડાઘા દુર કરી ચિત્રની પાછું લઈ જા. આ વખતે તારી નોંધ બદલીને લખજે મેહરબાની કરી ને અસલ ફોટા સાથે સરખાવીને જયાં ફર્ક દેખાય તેને સુધારો. અને પ્રયોગને અંતે તે ચિત્રને પાછું ટાગોર પાસે લઇ ગયો અને કહ્યું, આ વખતે એક પણ કાળો ડાઘ નથી. આમ કેમ? આ એનું એ જ ચિત્ર છે તેમ છતાં કોઈએ કંઈપણ સુધાર્યું નહિ. ટાગોરે કહ્યું, ખામીઓ કાઢવી બહુ સહેલી છે, બેટા. મોટાભાગનાં લોકો ખામી અને ખૂબી વચ્ચેનો ભેદ પારખતાં હોતા નથી. જો પારખી શકતાં હોત તો તેઓ બીજાની ભૂલો શોધવામાં સમય ના બગાડતાં પોતાની ખૂબીઓ બનાવવામાં વ્યસ્ત હોત. જયારે તારી પોતાની કલાની વાત આવતી હોય ત્યારે તારી અંતઃસ્ફૂરણા પર વિશ્વાસ રાખ.

જો તમે પોતે જ તમે કોણ છો અને શું કરો છો તેમાં વિશ્વાસ ના રાખો, તો પછી બીજા લોકો તમારાં પ્રસ્તાવનું સમર્થન કેવી રીતે કરશે? હકારાત્મક સ્વ-મહત્વ તો જ આવશે જો તમે તમારી જાત સાથે પ્રામાણિક હશો, અને તમારો તમારાં કામ પ્રત્યેનો મત પ્રામાણિક હશે. તમારી જાત ને પ્રેમ કરતા શીખો, તમારી જાતનું ધ્યાન રાખો, તમારી જાત ને સારી રીતે રાખો, આ રીતે તમે તમને મહત્વના અનુભવ કરી શકો છો

સરેરાશ પ્રજાના મનમાં શું ચાલી રહ્યું છે, તેના સ્વપ્નો કેવા છે, તેનાથી દેશની અસ્મિતા નક્કી કરી શકાય. જો કોઈ એમ વિચારે કે મારે ખૂબ સુખી થવું છે માટે ધન કમાવું છે તો એ માન્યતા આગળ જતા દેશની પ્રગતિ સાથે અનુકૂલન ન સાધી શકે. (કાળું નાણું જન્માવે) કારણકે સુખની વ્યાખ્યા સમયે - સમયે અને વ્યક્તિ-વ્યક્તિએ બદલાય છે. બાથરૂમમાં સોનાના નળ હોવા એ પણ સુખનું પ્રતિક છે અને માત્ર બાથરૂમ હોવું એ પણ! એ વ્યક્તિ એમ પણ વિચારી શકે કે મારે ધન એટલા માટે કમાવું કારણકે મારે દેશની ગરીબ પ્રજાની સેવા કરવી છે. તો આ માન્યતા દેશ સાથે અનુકૂલન સાધવામાં મદદરૂપ થશે. વિદેશમાં ધનના ઢગલા કરનારા લોકો શું માનીને ત્યાં ખાતા ખોલાવતા હશે. એક તો તેઓ કદાચ એમ જ માનતા હશે છે કે આ ધન મારા એકલાનું છે. તેનો માલિક હું છું આથી દેશના કાયદા દ્વારા નિયત થયેલ આવકવેરો પણ હું ન ભરું. દેશને લીધે હું છું તે ભાવના તેનામાં કોઈ કક્ષાએ રોપવામાં આવી ન હોય તો આવું બનવાની શક્યતા વધી જાય. બાળકોને ડૉક્ટર કે ક્રિકેટર બનાવવા માટે ઝનૂની બનતા વાલીઓને જોયા છે? કોઈની વાત સાંભળે નહિ, અરે! બાળકની પણ નહિ. કાં તો કોઈ ડોકટરે ધારે એટલી ફી લઈ શકે છે તે જોઈને અથવા ડૉક્ટરને સમાજ ખૂબ માન આપે છે. પણ આ બંનેથી આગળનું અને વધુ બૃહદ, શ્રેષ્ઠ અને દેશહિતનું ચિંતન પણ તે વાલી કરી શકે. જેમ કે મારા સંતાનને ડૉક્ટર એટલા માટે બનાવવું કારણ કે ભાતરમાં હજી પણ લોકો સામાન્ય બિમારીનો ઈલાજ ન કરાવી શકવાથી મૃત્યુને ભેટે છે. આવો સેવાનો ભેખ લઈને બનેલો ડૉક્ટર દેશના વિકાસમાં ચોક્કસ આધારરૂપ બની જશે. પ્રશ્ન વ્યક્તિની વિચારવાની દિશાથી નક્કી થાય જે દેશહિતને જન્મ આપી શકે.

અનેક લોકો જીવનને રમત માનતા હોય છે પણ... એમની આ માન્યતા ક્યારેક બીજાને રનઆઉટ કરાવી જાય છે. ઘોડે સવારીની રમત બધા માટે તો નથી જ! આંબા પર ચડીને કેરી ખાવાની મજા આવે પણ એ તો જેના બાવડામાં જોર હોય તે કેરીનો તાજો સ્વાદ માણી શકે. આકાશના તારા જોવાની મજા શહેરના ગોબરા વાતાવરણમાં આવે ખરી? જંગલનો પ્રવાસ કે અલ્પ વિકસીત ગામમાં રાતવાસો કરીએ તો આપણે વૃશ્ચિકને કે સાતોડિયાને નિહાળી શકીએ.

રાજકારણની રમત વળી સૌથી અવળી! એમાં પોતાની ટીમ કઈ અને સામેવાળાની ટીમ કઈ એવું બહુ ઓછુ હોય. જેમ સામેવાળાથી ચેતવાનું તેમ પોતાનાથી પણ ચેતવાનું! પગ ખેંચવાની મજા રાજકારણમાં સૌથી વધુ આવતી હશે. આ રમતનો એક જ નિયમ એટલે કોઈ ઉપર વિશ્વાસ ન મૂકવો. પત્નિને પણ મનની વાત ન કહેવી. ઈશ્વરને પણ રાજકારણની ગુપ્ત વાતો સાંભળવા ન મળે. રમતા-રમતા પડવાની મજા છે, કારણકે તેને બહાદુરી સાથે જોડવામાં આવે છે. ખૂબ વાગ્યું હોય છતાં એમ કહેવું પડે કે - બહુ નથી વાગ્યું રમત-રમતમાં ગમ્મત કરવા જતા કાચું કપાઈ જવાનાં દાખલા પણ ઓછા નથી બનતા. મોટી ઉંમરે કોઈની સલાહ વગર યોગ કરનારને કેટલો લાભ થતો હશે. આપણી રાષ્ટ્રીય રમત ભલે હૉકી હોય પણ ક્રિકેટને દિલની રમત માની બેઠા છીએ. આપણા લોહીમાં ક્રિકેટના રન દોડી રહ્યા છે. ધનના ઢગલા અને પ્રેક્ષકોની ચિચીયારી લોકોને પાગલ બનાવવા પૂરતી છે. ઘર-ઘરની કહાની હોય તેમ ઘર-ઘરની રમત પણ બાળકોમાં લોકપ્રિય હોય છે. એમાં કોઈ પણ વસ્તુને કંઈ પણ માનીને ચલાવી લેવાનું. ખર્ચા વગરનો વૈભવ એટલે ઘર-ઘરની રમત. રમત-ગમત ની વ્યાખ્યા સામાન્યરીતે વ્યવસ્થિત, સક્ષમપણે અને કુશળતાપૂર્વક કરાતી શારીરિક પ્રવૃત્તિ તરીકે કરાય છે, જે માટે નિષ્ઠા અને નિષ્પક્ષ રમત જરૂરી છે. તેનું સંચાલન નિયમો કે રિવાજોના સેટ દ્વારા થાય છે. રમત-ગમતમાં પરિણામ નક્કી કરાય ત્યારે સ્પર્ધકની શારીરિક ક્ષમતા અને કૌશલ્ય મહત્વનાં પરિબળો હોય છે (જીતવું કે હારવું). શારીરિક પ્રવૃત્તિમાં લોકો, પ્રાણીઓ અને / અથવા બોલ તેમજ યંત્રો જેવા વિવિધ પદાર્થોની હલન-ચલનનો સમાવેશ થાય છે. એથી વિરુદ્ધ, કાર્ડ રમતો અને બોર્ડ રમતો જેવી રમતોમાં, જો કે તેને મગજની રમત-ગમતો કહી શકાય તેમ છતાં, તેમાં માત્ર માનસિક કૌશલ્ય જરૂરી છે. જોગીંગ તથા ખડક-આરોહણ જેવી બિન-સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓને સામાન્યરીતે મનોરંજક પ્રવૃત્તિઓ તરીકે વર્ગીકૃત કરાય છે.

પ્રાચીન કલાકૃતિઓ તથા સરંચનાઓ સૂચવે છે કે ઈ.સ. પૂર્વે ૪૦૦૦માં રમત-ગમતની પ્રવૃત્તિઓમાં ચીની લોકો રોકાયેલા હતા. ચીનના પ્રાચીન ભૂતકાળમાં શારીરિક કસરતો લોકપ્રિય રમત-ગમત હોવાનું જણાય છે. ફારોહના સ્મારકો સૂચવે છે કે પ્રાચીન ઈજિપ્તમાં હજારો વર્ષ પૂર્વે, તરણ અને મચ્છીમારી સહિત સંખ્યાબંધ રમત-ગમતો સારી રીતે વિકસી હતી અને નિયંત્રિત કરાઈ હતી. અન્ય ઈજીપ્શિયન રમત-ગમતોમાં ભાલા ફેંકવા, ચો કૂદકો તથા કુસ્તીનો સમાવેશ થતો હતો. પ્રાચીન પર્શિયન રમત-ગમતો જેવી કે પરંપરાગત ઈરાનિયન ઝુરખાનેહ લશ્કરી કલાને યુદ્ધ કૌશલ્ય સાથે ગાઢ જોડાણ હતું. પર્શિયામાં ઉદ્ભવ પામેલ બીજી રમત-ગમતો પોલો અને દ્વંદ્વયુદ્ધ છે.

પ્રાચીન ગ્રીસના સમયમાં વિવિધ શ્રેણીની રમત-ગમતો શરૂ થઈ હતી અને લશ્કરી સંસ્કૃતિ તથા રમત-ગમતના વિકાસે ગ્રીસમાં એકબીજા પર સારો પ્રભાવ પાડયો હતો. રમત-ગમતો ગ્રીસની સંસ્કૃતિનો એટલો મહત્વનો ભાગ બની હતી કે ગ્રીસના લોકોએ ઓલમ્પિક રમત-ગમતોનું સર્જન કર્યુ, જે દર ચાર વર્ષે ઓલમ્પિયા નામના પેલોપોનેસસના નાના ગામમાં યોજાતી હતી. પ્રાચીન ઓલમ્પિકથી હાલની સદી સુધીના સમયકાળમાં રમત-ગમતો વધુને વધુ વ્યવસ્થિત અને વિનિયમિત થઈ છે. ઉદ્યોગીકરણે વિકસેલાં અને વિકાસનાં દેશોના નાગરિકોનો આરામના સમયમાં વધારો કર્યો છે, જેથી નાગરિકોને પ્રેક્ષ્ય રમત-ગમતોમાં હાજર રહેવા અને અનુસરવાનો વધુ સમય મળ્યો છે. આ વલણો લોક-માધ્યમોના અને વૈશ્વિક સંચારના પ્રારંભ સાથે ચાલુ રહ્યાં છે. વ્યાવસાયિકપણું પ્રચલિત બન્યું, જેથી રમત-ગમતોની લોકપ્રિયતામાં વધુ વધારો થયો, કેમ કે રમત-ગમતના શોખીનો, રમત-ગમતમાં શોખથી ભાગ લેવા સાથે સંકળાયેલ વ્યાયામ અને સ્પર્ધાનો આનંદ ભોગવતી વખતે-રેડિયો, ટી.વી અને ઈન્ટરનેટ મારફત વ્યાવસાયિક વ્યાયામવીરોનાં પરાક્રમોને અનુસરવાનું શરૂ કર્યુ હતું.